આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **01-05-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

# ત્રીજા તબક્કાની ચૂંટણીની પૂર્વ તૈયારીની સમીક્ષા બેઠક

કેન્દ્રિય ચૂંટણીપંચે ગુજરાતની લોકસભાની 25 બેઠક સહિત કુલ 94 બેઠકોની આગામી 7મી મે ના રોજ યોજાનારી ત્રીજા તબક્કાની ચૂંટણીની પૂર્વતૈયારી સમિક્ષા કરવા ગઇકાલે ખાસ બેઠક યોજી હતી.

આ બેઠકમાં ત્રીજા તબક્કાની ચૂંટણી માટેના ખાસ અને સામાન્ય નિરીક્ષકો, પોલીસ અધિકારીઓ અને ખર્ચનીરીક્ષકો મળીને કુલ 265 અધિકારીઓ સાથે ચૂંટણીપંચના અધિકારીઓએ સંવાદ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણીના તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ 94 લોકસભા બેઠકો માટે 7મી મેના મતદાન થશે. આ તબક્કામાં ગુજરાતની 25 લોકસભા બેઠકો ઉપરાંત કર્ણાટકની 14, મહારાષ્ટ્રની 11 અને ઉત્તરપ્રદેશની 10 બેઠકો પર મતદાન થશે. આ ઉપરાંત મધ્યપ્રદેશની આઠ બેઠકો, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, આસામ અને પશ્ચિમ બંગાળની ચાર-ચાર બેઠકો,

ગોવા, દાદરા નગર હવેલી અને દીવ- દમણમાં બે-બે બેઠકો તેમજ જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર આ તબક્કામાં મતદાન થશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## P.M. રાજ્યની બે દિવસીય મુલાકાતે

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અને આવતીકાલે ગુજરાતની મુલાકાત લઇને કુલ છ વિજય વિશ્વાસ સભામાં પક્ષના ઉમેદવારોના સમર્થનમાં સંબોધન કરશે.

પ્રદેશ ભાજપની મિડીયા વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, આજે પહેલી મે ના રોજ નરેન્દ્ર મોદી બપોરે ડીસા ખાતે ત્યાર પછી સાંજે હિંમતનગરમાં વિજય વિશ્વાસ સભામાં સંબોધન કરશે. આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે વલ્લભ વિદ્યાનગરમાં, બપોરે સુરેન્દ્રનગર-રાજકોટ માર્ગ ઉપર ત્યારબાદ જૂનાગઢ ખાતે અને ત્યાર પછી સાંજે જામનગરમાં યોજાનારી જાહેર સભાઓને સંબોધશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## ગુજરાત સ્થાપના દિનની ઉજવણી

ગુજરાત અને મહારાષ્ટ્રના લોકો આજે એમના રાજ્યોના 65 મા સ્થાપના દિનની ઉજવણી કરી રહ્યા છે. 1956 માં રચાયેલ દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન કરી 1 લી મે 1960 ના દિને ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે નવાં રાજ્યોનો ઉદય થયો  હતો. આજે વહેલી સવારે અમદાવાદમાં સાબરમતીના તટે લોક સેવક રવિશંકર મહારાજનાં આશીર્વચન સાથે નવા રાજ્યનાં પગરણ મંડાયા હતા. સાડા છ દાયકાની સફરમાં બન્ને રાજ્યોએ પ્રગતિનાં અનેક શિખરો સર કર્યા છે.

ચંદ્રવદન પટ્ટણી

------------------------------------------------------------------------

## આચારસંહિતાની ફરિયાદો

ચૂંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતાની અમલવારી શરૂ કરી દેવાઇ છે ત્યારે જિલ્લામાં અત્યાર સુધીમાં 600 ફરિયાદો નોંધાઇ છે. જિલ્લામથક ભુજમાં કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કરાયેલા કન્ટ્રોલ રૂમને વિવિધ 5 માધ્યમો પૈકી માત્ર 4 માધ્યમો થકી આચારસંહિતાના 45 દિવસમાં 600 ફરિયાદો નોંધાઇ છે. વિવિધ માધ્યમો પૈકી અત્યાર સુધી સૌથી વધુ ફરિયાદો હેલ્પલાઇન નંબર 1950 પર 263, ત્યારબાદ એન.જી.એસ.પી. પોર્ટલ પર 234 તેમજ સી-વીજીલ પર 93 ફરિયાદ નોંધાઇ છે, જેમાંથી 68 ફરિયાદો એફ.એસ.ટી. સર્વિલન્ટ ટીમને મોકલાવાઇ હતી.

**N.P.** કલ્પના શાહ

---

## જિલ્લામાં પોસ્ટલ બેટ દ્વારા મતદાન

ચૂંટણી કામગીરીમાં રોકાયેલા પોલીંગ સ્ટાફ અગાઉથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લાના ચૂંટણીતંત્ર દ્વારા તા.30 એપ્રિલ અને 01 મે એમ બે દિવસીય પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન પ્રક્રિયાનો પ્રારંભ કરાયો છે. ફેસિલિટેશન સેન્ટર ખાતે ગેઝેટેડ અધિકારીઓની હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. પ્રથમ દિવસે જિલ્લાના 1378 મતદારોએ પોતાનો કિંમતી મત આપ્યો હતો. મતદાનના દિવસે મતદારો સુચારૂ રીતે મતદાન કરી શકે તે માટે ફરજ પર તૈનાત પોલીંગ સ્ટાફ માટે આર.ડી.વરસાણી સ્કૂલ-ભુજ ખાતે ફેસિલિટેશન સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે.

**N.P. કલ્પના શાહ**

---

## ગૌણસેવા પસંદગી મંડળે મોકૂફ રાખેલી પરીક્ષાની નવી તારીખો જાહેર

લોકસભા ચૂંટણીને કારણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે મોકૂફ રાખેલી પરીક્ષાની નવી તારીખો જાહેર કરવામાં આવી છે. અગાઉ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવી રહેલી જુનિયર અને સિનિયર ક્લાર્કની પરીક્ષા ચૂંટણીને કારણે સ્થગિત કરી હતી. જે મુજબ 20, 21,27, 28 એપ્રિલ અને 4, 5 મેના રોજ લેવાનારી પરીક્ષા

મોકૂફ રાખવામાં આવી હતી. જે હવે તારીખ 11, 13, 14, 16, 17 અને 20 મેના રોજ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ ઉમેદવારોએ નવા કોલલેટર તા.8 મેના રોજથી ડાઉનલોડ કરવાના રહેશે.

**N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------

## ક્રિકેટ

લખનૌ સુપર જાયન્ટ ટીમે આઇપીએલની ગઈકાલની મેચમાં મુંબઇ ઇન્ડિયન્સ ટીમને 4 વિકેટે હાર આપી હતી. મુંબઈ ટીમે 6 વિકેટનાં ભોગે 144 રન કર્યા હતા લખનૌ ટીમે 6 વિકેટ ગુમાવી 145 રન કરી મેચ જીતી લીધી હતી.

ચંદ્રવદન પટ્ટણી

---------------------------------------------------------------------

## ભૂકંપ

3 મહિના સુધી શાંત રહેલી રાપરની ધરા પર ફરી ગઇકાલે રાત્રે 3.2ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી ધ્રુજારી અનુભવાઇ હતી.

મોડી સાંજે રાપરથી પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશામાં 18 કિ.મી. દૂર 3.2નું કંપન અનુભવાયું હતું. જેનું કેન્દ્રબિંદુ કંથકોટ-સરસલા વચ્ચે નોંધાયું હતું.

**N.P. કલ્પના શાહ**

---------------------------------------------------------------------